## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




સાહેબ, સમાચાર મળ્યા છે કે વરસાદ બંધ થઈ ગયો છે, તો આપણે હવે આગાહી કરવાનું બંધ કરી દઈશું...?



ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના સહયોગથી મધુ બી. પ્રજાપતિ દ્વારા મધુરમ ફાઉન્ડેશનના ઉપક્રમે હિન્દી ફિલ્મોના મહાન પાર્શ્વ ગાયક સ્વ. કિશોરકુમારની જન્મજયંતિ નિમિત્તે મ્યુઝિકલ ઓરકેસ્ટ્રા સાથે ‘‘કિશોરદા-તેરા સાથ હૈ કિતના પ્યારા’’ શિર્ષક સાથે નિઃશુલ્ક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડા સહિત વિવિધ અગ્રણી મહાનુભાવો, સંસ્થાના સભ્યો, શહેરના કલા-સાહિત્ય અને સંગીતપ્રેમીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા.

# મુખ્યમંત્રીના હસ્તે ‘‘રાજાધિરાજ’’ના લોન્ચિંગ સાથે ત્રિવિધ કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૮

અમદાવાદમાં એસજી હાઈવે સ્થિત વાયએમસીએ બેન્કવેટ હોલમાં તા. ૯મી ઓગષ્ટ શુક્રવારે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે ‘‘રાજાધિરાજ’’ મ્યુઝિક આલ્બમ, કોફી ટેબલ બુક અને જગપ્રસિદ્ધ પીછવાઈ આર્ટ વર્કસનું અનાવરણ યોજાશે. સમગ્ર કાર્યક્રમનું આયોજન રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ અને દ્વારકા દેવસ્થાન સમિતિના વાઈસ ચેરમેન, ગુજરાત સ્ટેટ ફૂટબોલ એસોસિએશનની પ્રેસિડેન્ટ, જીઈઆર ફાઉન્ડેશનના સભ્ય તથા રિલાયન્સ પરિવારના ધનરાજ પરિમલભાઈ નથવાણીના વડપણ હેઠળ કરવામાં આવ્યું છે. ‘‘રાજાધિરાજ’’ મ્યુજિક આલ્બમમાં ગુજરાતના સુપ્રસિદ્ધ કલાકારો પાર્થીવ ગોહિલ, કિર્તીદાન ગઢવી તથા કિંજલ દવેએ તેમનો કંઠ આપ્યો છે જ્યારે જાણીતા લેખીકા કાજલ ઓઝા વૈદ્ય દ્વારા પ્રસ્તુતિકરણ કરાયું છે. અત્રે ઉલ્લેખનીય છે કે ધનરાજ નથવાણી જાણીતા વાઈલ્ડ લાઈફ સંવર્ધક છે અને સોશ્યલ મિડીયા પર તેઓ એક્ટીવ રહે છે. તેઓ રિલાયન્સની ખાવડી ખાતેની રિફાઈનરીનું ઓપરેશન સંભાળી રહ્યા છે.

# ડભોડા-પેથાપુર પોલીસે જુગાર રમતા ૧૭ શકુની ઝડપી પાડ્યા

ગાંધીનગર, તા.૮

શ્રાવણમાસ શરુ થતા જ શકુનીઓમાં સળવળાટ વધી જાય છે. શહેર જિલ્લામાં શ્રાવણીયો જુગાર રમતા શકુનીઓ પર પોલીસે દરોડા પાડી પકડી પાડ્યા છે. ડભોડા અને પેથાપુર પોલીસે વિવિધ પાંચ સ્થળો પર દરોડા પાડીને ૧૭ શકુનીઓને દબોચી લીધા છે. જેમાં સરઢવ ગામે જનતાનગર જોગણીમાતા મંદિર પાસે ખુલ્લી જગ્યામાં જુગાર રમતા ચાર ઈસમોને પકડી પાડ્યા હતા. જેમાં ગામના જગદીશ મંગળભાઈ બજાણીયા, ચમન બચુ દંતાણી, રાજુ પોપટ દંતાણી, ભરત મણાજી ઠાકોરનો સમાવેશ થયો છે. જુગારીઓ પાસેથી પોલીસે રૂ.૧૫૦૦ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. તો બીજીતરફ સરઢવ ગામમાં જ વણકરવાસમાં કુંડાળુ કરીને બેસીને જુગાર રમી રહેલા જુગારીઓ પોલીસને જોઈ દોડધામ કરી મુકી હતી. પોલીસને જોઈ ભાગી ગયેલા જુગારીઓમાં બે જુગારીઓને પોલીસે પકડી પાડ્યા હતા. સરઢવ ગામમાં રહેતા વિશાલ ભરત પરમાર (ઉં.વ.૨૩), જીગ્નેશ બાબુભાઈ નાડીયા ઉં.વ.૨૫, રોકડા રૂ.૧૫૦૦ જપ્ત કરીને જુગારધારા હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. જ્યારે રાયપુર ગામેથી પોલીસે ત્રણ જુગારીઓને જુગાર રમતા પકડી પાડ્યા હતા. રાયપુર ગામે રાવળ વાસમાં ખોડીયાર માતાના મંદિરના પાછળના ભાગે જુગાર રમી રહેલા હિતેશ ઉર્ફે સાહિલ દશરથ રાવળ, વિક્રમ બબા રાવળ, રાવળ વાસ સુનિલ જીવા વાઘેલા રહે.વાઘેલાવાસ નરોડાને પકડી પાડ્યા હતા. પોલીસે જુગારીઓ પાસેથી રૂ.૧૩૪૦ રોકડા તેમજ મોબાઈલ જપ્ત કરીને જુગારધારાનો કેસ કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરાઈ હતી.

વડોદરા ગામેથી ચાર શકુનીઓને પોલીસે જુગાર રમતા પકડી પાડ્યા હતા. ગામમાં આવેલા પરમારવાસની પાછળ ખુલ્લી જગ્યામાં ગામના અદા બબાજી ઠાકોર, કાળા શંકર પરમાર, દશરથ પાનાભાઈ ચાવડા, શનાભાઈ હરીભાઈ વાલ્મિકીને જુગાર રમતા પકડી પાડ્યા હતા. પોલીસે જુગારીઓ પાસેથી રૂ.૧૦૮૦ રોકડા જપ્ત કરીને જુગારધારા હેઠળ કાયેદસરની કાર્યવાહી કરી છે.

ડભોડા ગામે ફુલજીવાળા વાસમાં સ્ટ્રીટ લાઈટના અજવાળે જુગાર રમતા ૪ શકુનીઓ પકડી પાડ્યા હતા. જેમાં ડભોડાના ભીખા સવધાનજી સોલંકી, ભઈલાલ મંગાજી ઠાકોર, બાબુ કેશાજી સોલંકી, મફા શંકાજી સોલંકીનો સમાવેશ થાય છે. પોલીસે રોકડા રૂ.૧૩૬૦ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# આજે એચટીબીટી બીજ લાવનાર સામે સખ્ત કાનૂની કાર્યવાહીની માંગ સાથે કિસાનસંઘ આવેદનપત્ર આપશે

ગાંધીનગર, તા. ૮

ભારતીય કિસાન સંઘના ગુજરાત પ્રદેશ એકમ દ્વારા તા. ૯મી ઓગષ્ટ ક્રાંતિદિને ‘બીજ હમારા અધિકાર’ અને એચટીબીટી બીજ લાવનારા પર સખ્ત કાનૂની પગલાંની માંગણી સાથે રાજ્યભરના જિલ્લા મથકોએ કલેક્ટરને આવેદનપત્ર આપવાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ અંતર્ગત કિસાનસંઘ દ્વારા ગાંધીનગર જિલ્લા કલેક્ટરને પણ આવતીકાલે શુક્રવારે આવેદનપત્ર આપવામાં આવશે.

છેલ્લા કેટલાક સમયથી એચટીબીટી કપાસના બીજને અનુલક્ષીને ચર્ચાઓ ચાલી રહી છે. બીજમાં નિંદામણનાશક દવાઓને સહન કરવાની શક્તિ માટે જીન દાખલ કરવાની પદ્ધતિમાં ગ્લાયફોસેટ યુક્ત રસાયણ-રાઉન્ડ અપનો સ્પ્રે આપવામાં આવે ત્યારે કપાસ સિવાય ખેતીના તમામ છોડ નાશ પામે છે. આ પ્રકારના નિંદામણ પ્રતિરોધક બિયારણોને હજુ સુધી સરકાર દ્વારા માન્યતા આપવામાં આવી નથી. માત્ર કંપનીઓ દ્વારા પાછલાં બારણે ગેરકાનૂની રીતે તેનો વેપાર કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે ગ્લાયફોસેટ પશુઓ, ખેતી, ખેડૂતો સહિત જીવજંતુઓ પર ઘાતક અને ગંભીર પરિણામો સર્જી શકે છે.

# ‘પથ કા અંતિમ લક્ષ્ય નહિ હૈ - સિંહાસન ચઢતે જાના, સબ સમાજ કો લિયે સાથ મે આગે હૈ બઢતે જાના’ : મુખ્યમંત્રી

## સફળ સુશાસનની ત્રણ વર્ષની સિદ્ધિઓ-જનહિત કાર્યોમાં સૌના સાથ સૌના વિકાસ સાથે સૌનો વિશ્વાસ ભળ્યો છે : વિજયભાઇ રૂપાણી

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ વર્તમાન સરકારના સફળ સુશાસનના ત્રણ વર્ષની સિદ્ધિઓ, જનહિત કાર્યોમાં સૌના સાથ સૌના વિકાસ સાથોસાથ સૌનો વિશ્વાસ પણ મૂર્તિમંત થયો છે તેવો સ્પષ્ટ મત વ્યકત કર્યો છે.

આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, સરકારે સત્તાને સેવાનું માધ્યમ બનાવી, પરિશ્રમની પરાકાષ્ટા સર્જીને પ્રામાણિકતાથી લોકોની આશા-અપેક્ષા-આકાંક્ષા સંતોષવાનો સંનિષ્ઠ પ્રયાસ કર્યો તેનું આ પરિણામ છે.



મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલના નિર્ણાયક નેતૃત્વના ત્રણ વર્ષની ઉજવણી કરતા ‘સંકલ્પથી સિદ્ધિ તરફ અગ્રેસર’ના ગૌરવપૂર્ણ સમારોહમાં મુખ્યમંત્રીશ્રી સંબોધન કરી રહ્યા હતા.

મુખ્યમંત્રીશ્રીએ આ અવસરે રાજ્ય સરકારની ચાર નવી યોજનાઓ મુખ્યમંત્રી સંશોધન પ્રોત્સાહન યોજના (શોધ), ખાનગી જમીન પર આવેલ ઝૂંપડપટ્ટીઓનું તે જ સ્થળે સુવિધાસભર પાકા મકાનોના રૂપાંતર માટેની પી.પી.પી. પૂનઃવસન નીતિ-૨૦૧૯, ઘર વપરાશ માટે સોલાર રૂફટોપ યોજના - સૂર્ય ગુજરાત અને મુખ્યમંત્રી કૃષિ યાંત્રિકીકરણ યોજનાનો શુભારંભ પણ કરાવ્યો હતો.

શ્રી વિજયભાઈ રૂપાણી અને શ્રી નીતિનભાઈ પટેલ સહિત રાજ્ય મંત્રીમંડળના મંત્રીશ્રીઓએ આ યોજનાના લાભાર્થીઓને સહાય-મંજૂરીપત્રનું વિતરણ કર્યુ હતું.

મુખ્યમંત્રીશ્રીએ કાશ્મીરમાંથી ૩૭૦ અને ૩૫-એ કલમ દૂર કરી કાશ્મીરને ભારતનું અભિન્ન અંગ બનાવવાના ઐતિહાસિક નિર્ણય માટે સાડા ૬ કરોડ ગુજરાતીઓ વતી પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ અને કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈને હ્રદયપૂર્વક અભિનંદન પાઠવ્યા હતા. સમારોહમાં ઉપસ્થિત સૌએ આ અભૂતપૂર્વ નિર્ણય માટે ગુજરાતના આ બે સપૂતોને સ્ટેન્ડિંગ ઓવેશન આપ્યું હતું.





ગાંધીનગર જિલ્લાના આનંદપુરા વેડા અને અંબોડ ગામે આજે શહીદ દિનની ઉજવણીના કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતિ મંગુબેન પટેલે ખાસ હાજરી આપી હતી. તેમણે આ તાલુકાના વેડા તેમજ આનંદપુરા ગામની પંચાયતોની પણ મુલાકાત લીધી હતી.


## હોમ હર્બલ ગાર્ડન બનાવવા અંગેની આવશ્યક સૂચના

આથી ગાંધીનગરવાસીઓને જણાવવાનું કે, આપ સરકારી ખર્ચે ઘરગથ્થુ ઉપચારો માટે ઉપયોગી ઔષધીય વનસ્પતિઓ આપના ઘરઆંગણે ઉછેરવા ઈચ્છતા હોય તો સાદા કાગળ પર આપનું નામ, ઘરનું પુરુ સરનામું અને મોબાઈલ નંબરની વિગતો ઈ-મેઈલ - gmpboffice@gmail.com અથવા નીચે જણાવેલ કચેરીમાં તા. ૨૩/૮/૨૦૧૯ સુધીમાં મોકલી આપવા વિનંતી છે.

ડો. જગદીશ પ્રસાદ આઈ.એફ.એસ. (નિ.)
મુખ્ય કારોબારી અધિકારી

માહિતી/૮૭૧/૧૯-૨૦

ગુજરાત ઔષધીય વનસ્પતિ બોર્ડ, બ્લોકનં. ૧૯, ત્રીજો માળ,
ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર




सत्यमेव जयते
ગુજરાત સરકાર
વનબંધુ કલ્યાણ યોજના
VANBANDHU KALYAN YOJANA



# ‘આંતરરાષ્ટ્રીય આદિવાસી દિવસ’

## ૯ ઓગસ્ટ ૨૦૧૯





## મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ આદિજાતિ સમાજ માટે લીધા સંવેદનશીલ નિર્ણયો

### વનબંધુ સશક્તિકરણ માટેનાં નક્કર પગલાં

- વનબંધુ કલ્યાણ યોજનાઃ આદિજાતિ વિકાસ માટે રૂા.૧,૦૦,૯૫૪ કરોડની ફાળવણી
- પેસા એક્ટની જોગવાઈઓનો સઘન અમલઃ આદિજાતિ સમાજને જંગલની જળ-જમીન અને ગૌણ વનપેદાશોના એકત્રીકરણના ગૌણ ખનીજ અધિકારો આપી આર્થિક સશક્તિકરણની પહેલ
- આદિવાસીઓના બંધારણીય અધિકારોનું રક્ષણ કરતા જાતિ પ્રમાણપત્ર માટેનો કાયદો તા. ૨૮-૩-૨૦૧૮ના રોજ વિધાનસભામાં પસાર કરવામાં આવ્યો
- ગુણવત્તાસભર શિક્ષણ માટે ૫ નવી મળી કુલ ૧૦૪ એકલવ્ય શાળાઓઃ ૩૩,૧૬૮ વિદ્યાર્થીઓને શિક્ષણની સુવિધાઓ તથા ૨૪ નવી સરકારી આદર્શ નિવાસી શાળાઓ શરૂ કરવાની મંજૂરી
- મેડીકલ/એન્જિનિયરીંગ અભ્યાસ માટે આદિજાતિના ૭,૧૧૯ વિદ્યાર્થીઓને ખાસ કોચિંગઃ ચાલુ વર્ષમાં ૧,૦૩૮ વિદ્યાર્થીઓ મેડીકલ/એન્જિનિયરીંગ પ્રવેશ માટે પાત્ર
- આદિજાતિ વિદ્યાર્થીઓને ઉચ્ચશિક્ષણની તક પુરી પાડવા અને તેને વધારે ગુણવત્તાયુક્ત બનાવવા રાજ્ય સરકાર દ્વારા બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટીની (રાજપીપળા ખાતે) સ્થાપના કરી છે
- આઝાદીની ચળવળમાં મહત્વનો ભાગ લેનાર આદિવાસી સ્વાતંત્ર્ય સેનાનીઓના બલિદાનને ઉજાગર કરતું રાષ્ટ્રીય કક્ષાનું ટ્રાયબલ મ્યુઝિયમ ગરૂડેશ્વર, રાજપીપળા ખાતે ૨૫ એકર જમીનમાં કરોડોના ખર્ચે આકાર લેશે
- સમરસ હોસ્ટેલઃ નવ મહાનગરોમાં કોલેજ કક્ષાએ ભણતા આદિજાતિના વિદ્યાર્થીઓ માટે ૧૦,૫૦૦ વિદ્યાર્થીઓની ક્ષમતાવાળી સમરસ હોસ્ટેલ
- વન અધિકાર અધિનિયમ હેઠળ વ્યક્તિગત દાવા, સામુહિક દાવા અને માળખાકિય સુવિધા માટે ૧૩ લાખ એકર કરતા વધુ જંગલની જમીનના લાભોની મંજૂરી

**મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીની ઉપસ્થિતિમાં આંતરરાષ્ટ્રીય આદિવાસી દિવસની દાહોદ ખાતે રાજ્યકક્ષાની ઉજવણી**

માહિતી ૨૦૧૯-૨૦ (૯૬-૨)

આદિજાતિઓના સર્વાંગી વિકાસ માટે સરકાર પ્રતિબદ્ધ - શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત